Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

## ધર્મની ઉપાદેયતા

धर्माज्जन्म कुले शरीरपटुता सौभाग्यमायुर्बलं
धर्मेणैव भवन्ति निर्मलयशो विद्यार्थसंपत्तयः ।
कान्ताराच्च महाभयाच्च सततं धर्मः परित्रायते
धर्मः सम्यगुपासितो भवति हि स्वर्गापवर्गप्रदः ॥

ધર્મનાં યોગ્ય આરાધનથી ઊંચા કુળમાં જન્મ થાય છે; પાંચે ઇન્દ્રિયોની પૂર્ણતા પ્રાપ્ત થાય છે; સૌભાગ્ય, આયુષ્ય અને બળની પ્રાપ્તિ થાય છે; ધર્મના આરાધનથી જ નિર્મળ યશની તથા વિદ્યા અને અર્થની પ્રાપ્તિ થાય છે; તેજ રીતે ધર્મનું આરાધન ઘોર જંગલમાં અને મહાન ભયો ઉપસ્થિત થયે તેના આરાધકનું રક્ષણ કરે છે. ખરેખર, આવા ધર્મની આરાધના તો સમ્યક્ પ્રકારે કરવામાં આવે તો તે સ્વર્ગ અને મોક્ષનું સુખ આપી શકે છે. તાત્પર્ય કે આ જગતમાં સર્વ પ્રાણીઓની સર્વ પ્રવૃત્તિઓ સુખને માટે જ થાય છે એમ તમામ સુજ્ઞ પુરુષોનું માનવું છે, પરંતુ એ સુખ ધર્મ વિના મળી શકતું નથી, માટે ધર્મપરાયણ થવું.

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૬
અંક ૬

ચૈત્ર
સં. ૨૦૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| १. | सुभाषित | | |
| ૨. | પૂર્ણાનંદ ભાવના | ( પાદરાકર ) | ૭૮ |
| ૩. | શ્રી મહાવીર જયંતિ ઉત્સવ | (મુનિશ્રી લક્ષ્મીસાગરજી) | ૭૮ |
| ૪. | શ્રી સન્માર્ગ–દર્શકને | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી ) | ૭૯ |
| ૫. | ચૈત્યવંદન–ચતુર્વિંશતિકા | ( પં. શ્રી સુશીલવિજયજી ગણિ ) | ૮૦ |
| ૬. | અશાન્તિનું સામ્રાજ્ય | (મુનિશ્રી લક્ષ્મીસાગરજી) | ૮૪ |
| ૭. | ઈશ્વરનું સત્ય સ્વરૂપ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચન્દ્ર") | ૮૭ |
| ૮. | સ્વીકાર | | ૯૨ |


## જન્મ જયંતિ મહોત્સવ

આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી(આત્મારામજી મહારાજ)ના જન્મજયંતિ મહોત્સવ નિમિત્તે આ સભા તરફથી ચૈત્ર સુદી ૧ તા. ૯–૪–૫૯ ગુરુવારના રોજ રાંધનપુરનિવાસી શેઠશ્રી સકરચંદ-ભાઈ મોતીલાલભાઇ મૂળજી તરફથી શત્રુંજય ગિરિરાજ ઉપર આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં જ્યાં પૂ. ગુરુદેવશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે તે સમક્ષ નવ્વાણું પ્રકારી પૂજા ભણાવી અંગરચના કરવામાં આવી હતી તેમજ આ પ્રસંગે ભાવનગરથી સભાના સભ્યો ખાસ પધાર્યા હતા અને સાંજના પ્રીતિભોજન યોજવામાં આવેલ હતું.

## ઉપાશ્રયનું ઉદ્ઘાટન

અત્રેના ગાંધી ડેલામાં આવેલ સ્વ. મણિબહેન નાનાલાલ હરિચંદનું મકાન શ્રી સંઘને ઉપાશ્રય માટે અર્પણ કરવામાં આવેલ તે ઉપાશ્રયનું, વીલના એક્ઝીક્યુટર શ્રી ગુલાબચંદ મૂળચંદ દ્વારા કબજો સોંપાતા, ઉદ્ઘાટન સંઘના ઉપપ્રમુખ અને આપ ી સભાના પ્રમુખ શ્રી ખીમચંદભાઇ ચાંપશીભાઇના પ્રમુખપણા નીચે, શ્રી ડાહ્યાલાલ હરિચંદભાઇના શુભ હસ્તે સં. ૨૦૧૫ના ફાગણ શુદ ૨ ને બુધવારના રોજ સવારના સાડાઆઠ કલાકે કરવામાં આવેલ, જે સમયે આમંત્રિત ગૃહસ્થો તથા સન્નારીઓની સારી ઉપસ્થિતિ હતી.

પ્રાસંગિક વિવેચન બાદ ડાહ્યાલાલભાઇએ ચાંદીનું તાળું ઉઘાડી શ્રી સંઘને સુપ્રત કરેલ. બપોરના બહેનોએ તે જ મકાનમ પૂજા ભણાવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૬ મું ] સં. ૨૦૧૫ ચૈત્ર તા. ૧૫-૪-૫૯ [ અંક ૬ ઠો

## सुभाषित

क्षान्तिश्चेत्कवचेन किं किमरिभिः क्रोधोऽस्ति चेद्देहिनाम् ?

ज्ञातिश्चेदनलेन किं यदि सुहृद् दिव्यौषधैः किं फलम् ? ।

किं सर्पैर्यदि दुर्जनाः किमु धनैर्विद्याऽनवद्या यदि,

व्रीडा चेत्किमु भूषणैः सुकविता यद्यस्ति राज्येन किम् ? ॥

જો માણુસ પાસે ક્ષમા હોય તો એને વિરોધીઓથી બચવા માટે કવચની શી જરૂર છે? માણુસને જો ક્રોધ હોય તો પછી અહિત કરનાર શત્રુઓની તેને શી જરૂર છે? કેમકે ક્રોધ જ સૌથી વધારે અહિત કરનાર શત્રુ છે. જો જ્ઞાતિ, નાત, સગાંવહાલાં હોય તો પછી અગ્નિની શી જરૂર છે? કેમકે નાતીલાઓ જ અગ્નિની જેમ બાળનારા હોય છે. જો સાચો મિત્ર હોય તો પછી દિવ્ય ઔષધોની શી જરૂર છે? કેમકે સાચા મિત્રથી જ માણુસના દુઃખ અને વ્યાધિનું શમન થઇ જાય છે. જો દુર્જનો પાસે હોય તો પછી સાપની શી જરૂર છે? જો ઉત્તમ વિદ્યા હોય તો પછી ધનની શી જરૂર છે? જો લજ્જા એટલે ખરાબ કામ કરવામાં સંકોચ હોય તો ઘરેણાંની શી જરૂર છે? અને જો માણુસ પાસે સુંદર કવિતા કરવાની અથવા તેનો રસ માણુવાની શક્તિ હોય તો પછી રાજ્ય મળવાથી શું વધારે છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## — પૂર્ણાનંદ ભાવના — ( રાગ-રૂષભજિણંદશું પ્રીતડી )

પરમ પ્રભુતા કયારે મળે ? કયારે થઇશું રે પ્રભુજીથી અભંગ ?
નિજ રૂપ પ્રકટાવી ખરૂં ! કયારે પામીશું સત્ય પૂર્ણાનંદ ! પરમ.
ધ્યાન સુરંગ અભેદથી, આત્મભાવે રે થઇ અભેદ નિઃસંગ !
છેદી વિભાવ અનાદિનો, અનુભવવો રે રૂડો રસ—સંવેદ ! પરમ.
અનુભવ મિત્તને વિનવું, નવ કરવો રે ચાહ પરરસરંગ !
શુદ્ધાતમ રસરંગથી, કર પ્રીતિ રે પૂર્ણ-શક્તિ અનંત ! પરમ.
પૂર્ણ પ્રેમી લાલન-સખા ! સત્તાએ હો સરખા તું જિણંદ !
પ્રભુધ્યાનરંગે રમો સદા, પામો સુખડાં હો અવ્યાબાધ અનંત ! પરમ.
નિજ શક્તિ પ્રભુગુણ રમે, તે પામે હો પરિપૂર્ણાનંદ !
ગુણ-ગુણી ભેદ-અભેદથી, વ્હાલા પીજીએ હો સત્-શમ-મકરંદ ! પરમ.
સર્વ ગુણી સમરસ ભર્યા, જુવો જિનવર હો મુખ પુનમચંદ !
જાગૃત ઉજ્વળ જ્ઞાનથી, ધ્યાન ધરજ્યો હો પ્રભુના બ્રહ્મરંધ્ર ! પરમ.
પરમ પ્રભુતા પામવા, વ્હાલા મિત્તા હો, પ્રભુપ્રેમી અભંગ !
પ્રભુધ્યાને લયલીન બની, પામો **મણિમય** હો નિત્યાતમ રસકંદ ! પરમ.

**—પાદરાકર**

## શ્રી મહાવીર જયંતી ઉત્સવ ( રાગ-ભૈરવી ) જાઓ જાઓ અય મેરે સાધુ

[ રચયિતા—મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી ]

**પ્રેમે પૂજો પ્રભુ મહાવીરસ્વામી, હૈયામાં ધરી ભાવ-પ્રેમે૦-ટેક.**

ચૈત્ર ત્રયોદશી શુકલ પક્ષમાં, જન્મ્યા પ્રભુ મહાવીર,
વિશ્વોદ્યાને પરિમલ પ્રસરે, વાયે મધુર સમીર-પ્રેમે૦ ૧
નારકીમાં ક્ષણ શાંતિ પ્રસરી, સાગરમાં ઉલ્લાસ,
દાનવ કિન્નર દેવ માનવે, પ્રગટ્યો પ્રેમ પ્રકાશ-પ્રેમે૦ ૨
રાય રંક નિજ ભેદો ભૂલ્યા, ટળ્યો પાપનો ભાર,
અખંડ જ્યોતિ આત્મસ્વરૂપની, ઝગતી અપરંપાર-પ્રેમે૦ ૩
ભવિરૂપ મધુરો વાણી-કેકા-શ્રવણે કરતા નૃત્ય,
અમૃતસમ ઉપદેશ ગ્રહીને, થાતા સૌ કૃતકૃત્ય-પ્રેમે૦ ૪
અજિત છો પ્રભુ ત્રિભુવનદીપક ! બુદ્ધિસાગર નાથ !
**લક્ષ્મીસાગર** શરણમાં રાખો, હેતે ઝાલી હાથ-પ્રેમે૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સન્માર્ગદર્શકને

( હરિગીત )

( ૧ )

સન્માર્ગદર્શક વીર ! મોરા વિનતિ બાળક કરે,
ત્રણુ ભુવનમાં નહિં કો વિભો ! આવી શકે તારા તુલે;
દુષ્ટ પરિણામી આતમા આ નામ જપતાં તાહરું,
નિર્મળ બની આવી જતો વિભુ ! ક્ષેત્ર છે જ્યાં તાહરું.

( ૨ )

રસકસ કલુષ 'મધુબિન્દુ' જેવા જગતના જે કારમા,
કિમ્પાક ફળ વિપાક જેવા પુદ્ગળ સુખો વળી વિશ્વના;
ભૂલી જઇ સૌ તે વિભુ ! ને ઢળી જઇ તુજ ચરણુમાં,
આનંદ કરતો ગેલ કરતો હા ! વિભુ ! તુજ બાળ આ.

( ૩ )

ભૂલી જતો સુખ વિશ્વનાં ને સ્વર્ગના સુખ દેખતો,
અમૃત સમા એ સુખમહીં હા ! એ ઘડી તો મહાલતો;
પણુ વિશ્વસુખ સમ સ્વર્ગસુખ પણુ દુખકારી જાણુતાં,
ફેંકી દઈ તે વાંચ્છતો વિભુ ! સુખ અક્ષય મોક્ષનાં.

( ૪ )

છે યોગ્ય જાણી વીર પણુ નિજ બાળને કરથી ગૃહી,
અપ્રતિમ વાટ અક્ષય સુખ બની દર્શાવી દેતા પ્રેમથી;
શ્રી જિનશાસન–વાટ એ લઈ લે અહા ! કંઈ કંઇ જીવો,
જે વીર્ય ફોરે કર્મ તોડે અક્ષય પામે તે સુખો.

( ૫ )

સૌ વીર પુત્રો, અંતમાં કવિ હૃદયની વિનંતી કહું,
સુણો અને સંભાળી લો સૌ શ્રેય ઇચ્છો સર્વનું;
શિવમસ્તુ સર્વજગત: શ્રી વીર શાસન જય હો,
નમે લક્ષ્મીસાગર વીરને અજિતસૂરિને વંદન હો.

**મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# चैत्यवन्दनचतुर्विंशतिका ॥

ભાવાર્થકાર-પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણી

( ગતાંક પૃષ્ઠ ૬૦ થી શરૂ )

## नवम तीर्थंकर

## श्रीसुविधिनाथजिनेन्द्र चैत्यवन्दनम् [ ९ ]

( वसन्ततिलका छन्दः )

विश्वाभिवन्द्य मकराङ्कितपादपद्म !, सुग्रीवजात ! जिनपुङ्गव ! शान्तिसम !
भव्यात्मतारणपरोत्तमयानपात्रं !, मां तारयस्व भववारिनिधेर्विरूपात् ॥ १ ॥

વિશ્વવંદનીય, મકર-મઘરના ચિહ્નવાળું છે ચરણકમળ જેનું, સુગ્રીવરાજાના પુત્ર, જિનમાં શિરોમણી, શાન્તિના નિવાસસ્થાન, ભવ્ય જીવોને તારવામાં મોટા જહાજ સમાન એવા હે સુવિધિનાથ વિભુ ! આપ મને વિરૂપ-વિલક્ષણ એવા ભવસમુદ્રથી તારો. (૧)

निःशेषदोषविगमोद्भवमोक्षमार्गं, भव्याः श्रयन्ति भवदाश्रयतो मुनीन्द्र ! ।
संसेवितः सुरमणिर्बहुधा जनानां, किं नाम नो भवति कामितसिद्धिकारी ॥ २ ॥

હે મુનીન્દ્ર ! આપનું આશ્રયણ કરવાથી ભવ્યજીવો સમગ્ર દોષના વિનાશથી ઉત્પન્ન થનાર મોક્ષમાર્ગને પામે છે. ઉપાસના કરાયેલું સુરમણિ-ચિંતામણિ અનેક રીતે પ્રાણી-ઓને મનોવાંછિતની સિદ્ધિ કરનાર શું નથી થતું ? અર્થાત્ જરૂર થાય છે.

( જડ વસ્તુ જયારે આટલું બધું કામ કરે છે તો પછી આપ તો ચેતનરૂપ સાક્ષાત્ સુરમણિ છો એટલે એનાં કરતાં પણ વિશેષ મનોવાંછિતની સિદ્ધિ કરો એમાં તો કહેવું જ શું ? )

विज्ञं कृपारसनिधिं सुविधे ! स्वयंभूर्मत्वा भवन्तमिति विज्ञापयामि तावत् ।
देवाधिदेव ! तव दर्शनवल्लभोऽहं, स्वश्वद् भवामि भुवनेश ! तथा विधेहि ॥ ३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે સુવિધિનાથ ! આપને સ્વયંભૂ પ્રાજ્ઞ અને કૃપારસના નિધાન માનીને હું વિનંતિ કરું છું કે હે દેવાધિદેવ ! આપના દર્શનનો પ્રેમી એવો હું ભુવનેશ ! શાશ્વત થાઉં એ રીતે કરો અર્થાત્ શાશ્વત સુખને આપો. (૩)

## दशम तीर्थङ्कर

# श्रीशीतलनाथजिनेन्द्र चैत्यवन्दनम् [ १० ]

( शार्दूलविक्रीडित छन्दः )

कल्याणाङ्कुरवर्धने जलधरं सर्वाङ्गिसम्पत्करं,
विश्वव्यापियशःकलापकलितं कैवल्यलीलाश्रितम् ।
नन्दाकुक्षिसमुद्भवं दृढरथक्षोणीपतेर्नन्दनं,
श्रीमत् सूरतबन्दिरे जिनवरं वन्दे प्रभुं शीतलम् ॥ १ ॥

કલ્યાણરૂપી અંકુરાને વધારવામાં મેઘ સમાન, સર્વ પ્રાણીઓની સમ્પત્તિ કરનારા, વિશ્વવ્યાપિ યશરાશિથી સહિત, કેવલજ્ઞાનની લીલાથી આશ્રિત, નન્દાદેવીની કુક્ષીથી ઉત્પન્ન થયેલા અને દઢરથ રાજાના પુત્ર એવા શ્રી સુરત બંદરમાં વિરાજમાન જિનેન્દ્ર શ્રી શીતલનાથ પ્રભુને હું વંદન કરું છું. (૧)

विश्वज्ञानविशुद्धसिद्धिपदवीहेतुप्रबोधं दधद्,
भव्यानां वरभाक्तिरक्तमनसां चेतः समुल्लासयन् ।
नित्यानन्दमयः प्रसिद्धसमयः सद्भूतसौख्याश्रयो,
दुष्टाऽनिष्टतमः प्रणाशतरणिर्जीयाज्जिनः शीतलः ॥ २ ॥

સર્વ વસ્તુનું જે જ્ઞાન તેનાથી વિશુદ્ધ એવી જે સિદ્ધિ પદવી તેના હેતુભૂત જે પ્રબોધ તેને કરનારા, ઉત્તમ ભક્તિથી રંગાએલું છે મન જેનું એવા ભવ્યજીવોના ચિત્તને ઉલ્લાસ પમાડનારા, નિત્ય આનંદમય, પ્રસિદ્ધ આગમવાળા, વાસ્તવિક સુખના આશ્રયભૂત, દુષ્ટ અને અનિષ્ટ એવો અજ્ઞાનરૂપી જે અંધકાર તેને દૂર કરવામાં સૂર્યના સરખા એવા શ્રી શીતલનાથ જિન જયવંતા વર્તો. (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सद्भक्त्या त्रिदशेश्वरैः कृतनुतिर्भास्वद्गुणालङ्कृतिः,
सत्कल्याणसमद्युतिः शुभमतिः कल्याणकृत्सङ्गतिः ।
श्रीवत्साङ्कसमन्वितस्त्रिभुवनत्राणे गृहीतव्रतो,
भूयाद् भक्तिभृतां सदेष्टवरदः श्रीशीतलस्तीर्थकृत् ॥ ३ ॥

ઉત્તમ ભક્તિથી ઈન્દ્રોવડે જેને નમન કરાયું છે એવા, પ્રકાશમાન ગુણથી અલંકૃત, ઉત્તમ સોનાના સરખી કાન્તિવાળા, શુભમતિવાળા, કલ્યાણ કરનારી છે સંગતિ જેની, શ્રીવત્સના લંછનથી સહિત, ત્રણ ભુવનનું રક્ષણ કરવા માટે જેમણે વ્રત ગ્રહણ કરેલ છે એવા શ્રી શીતલનાથ તીર્થંકર પ્રતિદિન ભક્તિવંત પ્રાણીઓને મનોવાંછિત વરદાનના દાતા થાઓ. (૩)

## एकादश तीर्थङ्कर

# श्रीश्रेयांसनाथजिनेन्द्र चैत्यवन्दनम् [ ११ ]

(हरिणी छन्दः)

चिरपरिचिता गाढव्याप्ता सुबुद्धिपराङ्मुखी,
निजबलपरिस्फूर्त्योदग्रा समग्रतया मम ।
व्यपगतवती दूरं दुष्टा स्वनिष्ठकुदृष्टिता,
अपचितसहा सद्यो भूत्वा यदीयसुदृष्टितः ॥ १ ॥

જેની ઉત્તમ દૃષ્ટિથી, લાંબા કાળથી પરિચિત, અત્યંત વ્યાપ્ત, સુબુદ્ધિથી વિપરીત, પોતાના બળની સ્ફુર્તિથી ઉદગ્ર-પ્રબળ એવી, દુષ્ટ મારામાં રહેલી કુદૃષ્ટિતા-મારી કુદૃષ્ટિ છે તે શીઘ્ર ક્ષીણ પરિવારવાળી થઇને સર્વથા દૂર ચાલી ગઇ. (૧)

निरुपमसुखश्रेणी हेतुर्निराकृतदुर्दशा,
शुचितरगुणग्रामावासो निसर्गमहोज्ज्वला ।
हृदयकमले प्रादुर्भूता सुतत्त्वरुचिर्मम,
विदलितभवभ्रान्तिर्यस्याऽप्यजस्रमनुस्मृतेः ॥ २ ॥

નિરુપમ સુખશ્રેણિના હેતુભૂત, દુર્દશા જેણે દૂર કરી છે એવી, અત્યંત પવિત્ર ગુણ-સમૂહના નિવાસભૂત, અને સ્વાભાવિક તેજથી ઉર્જ્વળ અને ભવભ્રાન્તિ જેની દૂર થઇ છે એવી તત્વની રુચિ જેના ઉત્તમ સ્મરણથી મારા હૃદયકમળમાં સર્વદા પ્રગટ થઈ છે એવા. (૨).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उपकृतिमतिर्दाने दक्षो निरस्तजगद्व्यथः,
समुचितकृतिर्विज्ञानांशुप्रकाशितसत्पथः ।
नृपगणगुरोर्विष्णोर्वंशे प्रभाकरसान्निभः,
स भवतु मम श्रेयांसेनः प्रबोधसमृद्धये ॥ ३ ॥

ઉપકારમાં મતિવાળા, દાનમાં દક્ષ, જેણે જગતની વ્યથા દૂર કરી છે, ઉત્તમ જેની ક્રિયા છે, વિજ્ઞાનરૂપી કિરણથી ઉત્તમ માર્ગ જેણે પ્રકાશ્યો છે એવા અને રાજાના સમૂહમાં ઉત્તમ એવા હરિવંશને વિષે સૂર્યના સરખા એવા તે શ્રેયાંસનાથ ભગવાન મારા બોધની સમૃદ્ધિને માટે થાઓ.

## द्वादश तीर्थङ्कर

# श्रीवासुपूज्यजिनेन्द्र चैत्यवन्दनम् [ १२ ]

(रथोद्धता छन्दः)

पूर्णचन्द्रकमनीयदीधितिभ्रा–जमानमुखमद्भुतश्रियम् ।
शान्तदृष्टिमभिरामचेष्टितं शिष्टजन्तुपरिवेष्टितं परम् ॥ १ ॥

પૂર્ણિમાના ચંદ્રસરખી કાન્તિથી શોભતું છે મુખ જેનું, અદ્ભુત છે શોભા જેની, શાન્ત દૃષ્ટિવાળા, મનોહર ચેષ્ટાવાળા, શિષ્ટ જન્તુથી પરિવરેલા, ઉત્તમ એવા. (૧)

नष्टदुष्टमतिभिर्यमीश्वरं, संस्मरद्भिरिह भूरिभिर्नृभिः ।
क्षीणमोहसमयादनन्तरा, प्रापि सत्यपरमात्मारूपता ॥ २ ॥

જે પરમાત્માને દુષ્ટમતિ રહિત સ્મરણ કરતા અનેક માનવોએ મોહ ક્ષીણ થતાં તુરત જ વાસ્તવિક પરમાત્મસ્વરૂપતા પ્રાપ્ત કરી છે એવા. (૨)

पार्थिवेशवसुपूज्यवेश्मनि, प्राप्तपुण्यजनुषं जगत्प्रभुम् ।
वासुपूज्यपरमेष्ठिनं सदा, के स्मरन्ति न हितं विपश्चितः ? ॥ ३ ॥

મહારાજા વસુપૂજ્યના રાજમહેલમાં જેણે પવિત્ર જન્મ પ્રાપ્ત કર્યો છે, જગતના પ્રભુ, અને હિતકારી એવા વાસુપૂજ્ય પરમેષ્ઠીને કયા બુદ્ધિમાનો સર્વદા યાદ-સ્મરણ કરતા નથી ? અર્થાત્ અવશ્ય સર્વ યાદ-સ્મરણ કરે છે. (૩) (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અશાન્તિનું સામ્રાજ્ય

મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

। संसारेऽशान्तिसाम्राज्यम् ।

क्वचिद्राज्ञां युद्धं प्रचलति जनोच्छेदजनकं ।
क्वचित् क्रूरा मारी बहुजनविनाशं विदधती ॥
क्वचिद् दुर्भिक्षे न क्षुधितपशुमर्त्यादिमरणं ।
विपद्वह्निं ज्वालाज्वलितजगति क्वास्ति शमनम् ॥

અહો ! આ સંસારમાં કોઈ ઠેકાણે તો હજારો અને લાખો માણસોના જાનની પાયમાલી કરનાર મ્હોટાં મ્હોટાં યુદ્ધ ચાલે છે, તો કોઇ ઠેકાણે ગામ અને દેશોનો વિનાશ કરનારી મહામરકી ત્રાસ વર્તાવી રહી છે. કોઇ સ્થળે દુકાળના ભૂખમરાથી હજારો જાનવરોના પ્રાણ પરલોક તરફ પ્રયાણ કરી રહ્યા છે ત્યારે કોઇ સ્થળે તરુણ-જુવાન પુરુષોના મરણ નિપજવાથી હાહાકાર મચી રહ્યો છે. ખરેખર આ જગતમાં ચારે બાજુ વિપત્તિરૂપ વહ્નિ—અગ્નિની જ્વાલા પ્રસરી રહી છે. ત્યાં શાન્તિ અને સમાધિ લેશમાત્ર પણ ક્યાંથી દેખાય ? સર્વત્ર અશાન્તિનું જ સામ્રાજ્ય ચાલી રહ્યું છે. શ્રી ભગવતીસૂત્રના બીજા શતકના પહેલાં ઉદ્દેશામાં ખંધક ઋષી મહાવીરસ્વામીએ કરેલા પ્રશ્નોના ખુલાસાથી પ્રસન્ન થઇ શ્રી મહાવીરસ્વામી પાસે દીક્ષા લેવાને તૈયાર થાય છે ત્યારે આ પ્રમાણે બોલે છે.

**“आलित्तेणं भंते लोए, पलित्तेणं भंते लोए, आलित्तपलित्तेणं भंते लोए जराए मरणे य”**

હે ભગવન્ ! લોક-જગત જરા, મરણ, આધિવ્યાધિ-ઉપાધિથી ભિન્ન થઇ બળીજળી રહ્યું છે. ખંધકઋષીનાં ઉપલાં વચનો અક્ષરેઅક્ષર સત્ય છે. જગતમાં શાન્તિનાં કારણો થોડાં છે, અને અશાન્તિનાં કારણો અનેક છે. દૈવીસંપત્તિ થોડી અને આસુરી સંપત્તિ વધારે છે. ગુણી જન પરિમિત અને અવગુણી-દૂષિત જન અપરિમિત છે. સંતોષી થોડાં અને અસંતોષી ઘણા છે. સુલેહ કરનારા સ્વલ્પ અને ક્લેશ કરનાર અધિક જણાય છે. એક માણસના હૃદયને સંતોષવા ખાતર હજારો-લાખો જાનમાલની ખુવારી થાય છે. કોણિકની રાણી પદ્માવતીના મનમાં કોણિકના ન્હાના ભાઇ હલ અને વિહલને વારસામાં મળેલ હાર અને હાથી મેળવવાનો લોભ જાગ્યો. કોણિકના સ્નેહનું તેમાં સિંચન થયું. વિષયજન્ય સ્નેહપાત્ર પદ્માવતીને ખુશ કરવા ન્હાના અને આશ્રિત ભાઇઓની બાપની આપેલી સંપત્તિ ઉપર કોણિકની કુનજર થઇ. ન્યાયનો આશ્રય લેવા નિર્દોષ બે ભાઈઓને સ્વભૂમિ છોડી પરભૂમિમાં ચેડારાજાના રાજ્યમાં જવું પડ્યું. એટલેથી પદ્માવતીના મનની તૃપ્તિ ન થતાં હાર-હાથીને કારણે નાના અને દોહિત્રા ચેડા અને કોણિકની લડાઇ થઈ. એકના પક્ષમાં અઢાર અને બીજાના પક્ષમાં દશ રાજાઓનું લશ્કર સહાય કરવા આવ્યું. લાખો માણસો લોહીલુહાણ થઇ મરણશરણ થવા લાગ્યા. માટી અને લોહીના મિશ્રણથી બનેલા કાદવમાં છેડો ન આવ્યો, કિન્તુ લોહીની રેલમછેલ નદી ચાલી. માણસો માણસોની લડાઇથી પૂર્ણાહુતિ ન થતાં ચમરેંદ્ર અને શકેંદ્ર જેવા મ્હોટા ઇંદ્રોએ કોણિકનો પક્ષ લઈ લડાઇમાં ભાગ લીધો. રથમુશલ અને મહાકંટક નામના બે સંગ્રામમાં બે દિવસમાં જ એક કરોડ એંસી લાખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણુસોનાં જાનોનું બલિદાન અપાયું. આ શું થોડી ભયંકરતા ?! એક સ્ત્રીના હૃદયનો લોભ તૃપ્ત કરવા કરોડો માણુસોનું બલિદાન !! આ ભયંકરતા—દુષ્ટતા એક જમાનાની નહિ પણ અનેક જમાનાની છે. વિપાકસૂત્રમાં સિંહસેનરાજાનું દૃષ્ટાંત પણ તે જ હકીકત પૂરી પાડે છે. એક શ્યામા નામની રાણીના ઉપર મોહ અને સ્નેહને લીધે સિંહસેન રાજાએ બીજી ૪૯૯ રાણીઓ, તેનાં મા—બાપ અને સંબંધીઓને છળકપટથી લાખાગૃહમાં પૂરી, એકી સાથે અચાનક અગ્નિ સળગાવી હજારો નિર્દોષ મનુષ્યના પ્રાણ લીધાં. એકના રાગમાં અંધ બની, હજારોની સાથે વૈરભાવ બાંધી લાકડાને બદલે માણુસોની હોળી સળગાવી એ પણ કંઇ ઓછી ભયંકરતા ન કહેવાય.

આવા અનેક દાખલા શોધવા ભૂતકાળમાં ભમવાની કંઇ જરૂર નથી. વર્તમાનકાળ તરફ જ નજર કરીએ, તો પણ તેનું તેજ દેખાય છે. હાલમાં ચાલતી યુરોપી રાજ્યોની ભયંકર લડાઇ કે જેમાં લાખો જાનોની આહુતિ અપાઇ રહી છે, હજારો કુટુંબો નિરાધાર હાલતમાં થઇ રહે છે, આખા દેશના દેશ ઉજ્જડ-વેરાન થઇ જાય છે. તે પણ શું થોડું ત્રાસદાયક છે ? આવી અનેક લડાઇઓ કાળે પોતાના ગર્ભમાં શમાવી રાખેલ છે, તે દ્વારા જગત્‌માં અશાંતિનો પ્રચાર થાય છે. આપણી અશાંતિની હદ કેવળ લડાઇથી બંધાતી નથી. લડાઇની અશાંતિ લડાઇમાં જોડાયેલ લશ્કરીઓ અને જે દેશમાં લડાઇ ચાલતી હોય તે દેશને તેથી સીધી રીતે ખમવું પડે છે. પણ તે સિવાય બીજાઓને તેથી સીધી રીતે ભોગવવી પડતી નથી. કદાચ આ કથન ખરૂં માની લઇએ તો પણ શુ થયું ? આ દરદો માણુસની પસંદગી ઉપર આધાર રાખતાં નથી. એક યોદ્ધો લશ્કરમાં જોડાય ત્યારે જ તેને ખમવું પડે છે. પણ લશ્કરમાં જોડાવું કે નહિ એ કેટલેક અંશે કેટલાએક દેશોમાં તેની મરજી ઉપર રહેલું છે, પણ પ્લેગ—મરકીનો હુમલો અચાનક કોઇ પણ સ્ત્રી કે પુરુષ, બાળક કે વૃદ્ધ, અપરાધી કે નિરપરાધી ઉપર થાય છે. એકના છાંટા ઊડી બીજા ઉપર પડે છે અને બીજો સપડાય છે. ઘરનાં ઘર અને દુકાનોની દુકાનો તથા કુટુંબોનાં કુટુંબોની પાયમાલી થતી જોવામાં આવે છે. જે ઘરમાં કે કુટુંબમાં પંદર પંદર વીશ વીશ માણુસો હતાં તે કુટુંબમાં એક પણ માણુસ ન મળે. આ સઘળી પ્લેગની પાયમાલી ગમે તેવા કઠણ હૃદયને પણ ધ્રુજાવે તેવી શું નથી ? તેમાં બાપ દીકરાની સંભાળ લેતો નથી. દીકરો બાપની સારવાર કરતો નથી. સ્ત્રી પતિને છોડી પોતાના બચાવનો માર્ગ શોધે છે, તો પતિ સ્ત્રીને મૂકીને પલાયન કરે છે. આવી નિષ્ઠુરતા અને સ્વાર્થવૃત્તિને જન્મ આપનાર બીજું કોઈ નહિ પણ પાપી પ્લેગનો જ તે પ્રભાવ છે. અરે પ્લેગને પણ ભૂલાવે તેવી એક ભયંકર ચીજને આપણે કેમ ભૂલી જઇએ છીએ ! તે ચીજ દુકાળ છે. પ્લેગ તો હજીએ ઉંદર મારફત માણુસોને સૂચના આપે છે, અને તેથી ચેતી જઇ જો માણુસો એ ભૂમિને છોડી બીજે નિવાસ કરે તો પ્લેગના પંજામાંથી બચવા પામે છે. પણ દુષ્કાળની પીડા તો ત્યાં પણ નડે છે. ભૂતકાળના દુકાળોનું તો માત્ર વર્ણન સાંભળીએ છીએ, પણ સંવત ૧૯૫૬ ની સાલનો દુકાળ તો વાચકોમાંના ઘણાખરાએ જોયો હશે. અહાહા ! તે ભયંકર કાળને યાદ કરીએ છીએ ત્યારે રૂંવા ખડાં થાય છે. જનાવરોની ખુવારીની તો હદ જ નહોતી. ચોમાસું બેસતાં જે ઘરમાં પચીસ પચીસ પચાસ પચાસ જાનવરો હતાં, વૈશાખ અને જેઠ માસ આવતાં તેમાંના એક બે પણ ભાગ્યે જ રહેવા પામ્યાં હતાં. ઘાસની તંગીને લીધે સારા ગૃહસ્થોના ઘરનાં જનાવરો પણ ભૂખે મરતાં જોવામાં આવ્યાં હતાં તો ગરીબોની તો વાત શી કરવી ? જનાવરોના ભોગથી દુકાળરૂપ દૈત્યને જાણે તૃપ્તિ ન થઇ હોય તેમ જનાવરો પછી માણુસોનો વારો નીકળ્યો. જંગલમાં ઠેકાણે ઠેકાણે માણુસોના માથાની ખોપરીઓ રઝળતી હતી. મુડદાને ઉપાડનાર પણ મળતા નહિ. તેથી ખાડાઓ મુડદાઓની ભરતીથી પુરાતા જોવામાં આવતા હતા. અન્નને માટે માબાપો પોતાના છોકરાઓને વેચતાં હતાં. અગર એકાંતમાં મૂકી ચાલ્યાં જતાં હતાં. આવી ભયંકર સ્થિતિ એક વર્ષના દુકાળને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીધે થવા પામી હતી, તો જ્યારે બબ્બે, ચાર ચાર, અને બાર બાર દુકાળ સાથે પડ્યા હશે ત્યારે માણસોની સ્થિતિ કેવી થઇ હશે, તેની કલ્પના-તુજ્ઞના બુદ્ધિથી થઇ શકે તેમ છે. અને તે કલ્પના પથ્થર જેવા હૃદયને પણ પિગળાવવા પૂરતી છે. સાંભળવા પ્રમાણે બાર દુકાળમાં લાખો સોનામ્હોરો આપતાં પણ શેર અનાજ મળવું મુસ્કેલ થઇ પડતું. સાધુજનોને ભિક્ષા પણ દુષ્કર થઇ પડી હતી. જ્યાં અન્નના સાંસાં ત્યાં જ્ઞાન કે ધર્મકર્મ પણ કયાંથી સુઝે ? આ બધું ધ્યાનમાં રાખીને કાવ્યના ચોથા પદમાં કહેવામાં આવ્યું છે કે "विपद्वह्निज्वालाज्वलितजगति" અગ્નિની જ્વાળા જેમ ચારે તરફથી નીકળે છે તેમ આ જગતમાં વિપત્તિની જ્વાળા એક તરફથી નહિં પણ ચારે તરફથી નીકળવા માંડે છે. એક તરફ યુદ્ધ તો બીજી તરફ મરકી, ત્રીજી તરફ દુકાળ તો ચોથી તરફ કોલેરા કે મોંઘવારી અનેક વિપત્તિઓથી આ સંસાર બળીજળી રહ્યો છે. તેમાં શાંતિ કયાંથી મેળવી શકાય ? બળતાં ઘરમાંથી સારભૂત વસ્તુ લઇ જઇ એકાંતમાં મૂકે તો જેમ ભવિષ્યમાં સુખ મળે તેમ બળતા સંસારમાંથી પોતાના આત્માને ઓળખી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી ઉપાધિઓથી દૂર રહે તો જ માત્ર આ વિપત્તિથી બચી શકાય અને શાંતિ મેળવી શકાય.

क्वचिद्भूमौ शय्या क्वचिदपि च पर्यंकशयनं
क्वचिच्छाकाहारः क्वचिदपि च शाल्योदनरुचिः ।
क्वचित्कंथाधारी क्वचिदपि च दिव्यांबरधरो
मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखम् ॥

(શિખરિણી)

પડે સૂવું ભાઇ કદિક પૃથ્વીના પડ પરે,
મળે પર્યંકોમાં શયન કરવાનું કદિક રે;
મળે મોંઘા વસ્ત્રો કદિક સજવાને તન પરે,
કદિ ફાટીતૂટી શરીર પર કંથા નહિ અરે.
રસાલા મિષ્ટાન્નો કદિક જમવાને બહુ મળે,
કદી લૂખું પાખું ઉદર પૂરતું યે નવ મળે;
તથાપિ કાર્યાર્થી ચતુર નર જે હોય જગમાં,
વિવેકેથી નિત્યે સુખ દુઃખ ગણે તે ન મનમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઇશ્વરનું સત્ય સ્વરૂપ

શ્રી બાલચંદ હીરાચંદ—સાહિત્યચંદ્ર

ઈશ્વર અરૂપી, અવ્યય, અજ્ઞેય, અચિંત્ય અને નિરાકાર છે એવું વર્ણન અનેક ધર્મોએ કહ્યું છે. એ સ્વરૂપ કહી શકાય એવું નહીં હોવાને લીધે જ જુદા જુદા જ્ઞાનીઓએ જુદી જુદી રીતે ઈશ્વરનું સ્વરૂપ વર્ણવેલું છે, અને એથી જ ઇશ્વરનું અસ્તિત્વ જો નહીં સ્વીકારનારો એક વિચારપ્રવાહ જગતમાં નિર્માણ થયો છે. પ્રથમ આપણે ઇશ્વરને નહીં માનનાર નાસ્તિક મતનો જ વિચાર કરીએ. અને એ વિચાર-પ્રણાલીમાં કેટલી સારભૂત વસ્તુ છે એ તરતમભાવથી વિચાર કરી બુદ્ધિની કસોટી ઉપર તેનું પરીક્ષણ કરી જોઇએ.

જ્યારે કોઈ કહે છે કે, અમુક વસ્તુનું અસ્તિત્વ છે જ નહીં, ત્યારે એણે પોતાને બધું જ જ્ઞાન થયું છે એ વસ્તુ સિદ્ધ કરી બતાવવી પડે. અર્થાત્ પોતે સર્વજ્ઞ છે એવું છાતી ઉપર હાથ મૂકી કહેવું પડે અને પોતાના જ્ઞાનના ક્ષેત્રમાં આવી નથી એવી વસ્તુ આ વિશ્વમાં છે જ નહીં એવું એને કહેવું પડે. પણ નાસ્તિક કહેવરાવનારાઓ એવો દાવો આગળ ધરતા નથી. તેઓનો બધો આધાર સામાન્ય તર્કબુદ્ધિ ઉપર અવલંબિત રહેલો છે. તેઓનું એવું કહેવું છે કે, જગતમાં અનેક વસ્તુઓના મિશ્રણથી એમાં અમુક પ્રક્રિયા જાગે છે અને કોઈ વિશિષ્ઠ ઘટના થાય છે એ તે તે વસ્તુઓનો સ્વભાવ છે. તેમાં જીવ જેવી કોઈ વસ્તુ હોવાની જરૂર નથી અને જ્યારે જીવનું જ અસ્તિત્વ ન હોય ત્યારે પૂર્ણતા કે ઈશ્વર જેવી કોઇ જુદી શક્તિની જરૂર ક્યાં રહી? અને ખરેખર ઇશ્વર હોય તો અમને તે કેમ જણાતો નથી? અગર બીજી કોઈ રીતે એનું અસ્તિત્વ અમને પ્રતીત કેમ થતું નથી? જ્યારે કોઈ રીતે અમને ઈશ્વરનું છતાપણું જાણવામાં આવતું નથી ત્યારે તેનું અસ્તિત્વ માનવું એ તર્કદુષ્ટ કલ્પનાનો ભ્રમ છે, એવી નાસ્તિકવાદની વિચારસરણી છે.

એઓ નીતિનિયમો માને છે, પણ ધર્મ અધર્મ કે પુણ્ય પાપની જરૂર માનતા નથી. એમની કલ્પના મુજબ તો શરીરનું મૃત્યુ થયા પછી પાછળ કાંઈ રહેતું જ નથી. એટલે આત્મા અને પુનર્જન્મ માનવાની એમને જરૂર જણાતી નથી. અર્થાત્ આપણે આપણા જીવનભરમાં જે કોઇ સારા કે માઠા કર્મો કર્યાં હોય તેનો ભોગવટો કરવા માટે આપણને આ વિશ્વમાં ફરી આવવું પડશે એવી પણ કલ્પના તેઓ કરી શકતા નથી. અર્થાત્ એ વિચારપરંપરામાં કોઇપણ પાપ કરવા માટે તેઓને ડરવાનું કારણ રહેતું નથી. આ જગતના માનવકૃત ધારાઓથી બચવા માટે જે ભીતિ રાખવી પડે તેથી વધુ ડર રાખવાની તેઓને જરૂર જણાતી નથી. કોઈનું દેવું કરીએ તે આ ભવમાં નહીં તો પરભવમાં ચૂકવવું જ પડશે એવી એમને જરાએ ધાસ્તી રાખવાનું કારણ જણાતું નથી. તેમને માટે **ऋणं कृत्वा घृतं पिबेत्** એવી એમની માન્યતા બંધાઇ ગએલી હોય છે. એટલે જગતમાં જેટલા ભોગવિલાસો હોય તેટલા યથેચ્છ ભોગવી લેવામાં જરાએ સંકોચ રાખવાનું એમને કારણ જણાતું નથી. તેમને આ જન્મ એ જ છેલ્લો કહો કે પહેલો કહો ભોગવવાનો હોવાથી તેઓની આચરણામાં જરા પણ સૂક્ષ્મ વિચાર કે અવલોકન હોવાની જરાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર જણાતી નથી. 'આ ભવ મીઠો હોય તો પરભવ કોણે દીઠો ?' એવી ભ્રાંત કલ્પના કરી તેઓ સમાધાન માને છે. ઈશ્વર અને આત્મા તેમજ પરલોક કે મુક્તિની કલ્પના તેઓ ખોટી ગણે છે. એવી આ નાસ્તિક ચૂસ્તલોકોની વિચારસરણી છે. હવે આપણે ઈશ્વરનું અસ્તિત્વ માની પોતાને આસ્તિક તરીકે ઓળખાવનારા લોકોની વિચારપરંપરા કેવી હોય છે એનો વિચાર કરીએ.

કેટલાએક તત્વચિંતકો ઈશ્વર એ સર્વ સૃષ્ટિનો કર્તા છે એમ માને છે. અને ઈશ્વરને कर्तुमाकर्तुं अन्यथाकर्तुं તરીકે ઓળખાવે છે. ઈશ્વરની આજ્ઞા વગર ઝાડનું પાંદડું પણ હલતું નથી એવી એમની ધારણા હોય છે. આખા જગતમાં દરેક જીવમાત્રને જે સુખ અગર દુઃખ થાય છે–ઇશ્વરની આજ્ઞાથી જ થાય છે. એવી માન્યતા રાખનારા જગતમાં ઘણા મોટા પ્રમાણમાં છે. એમની એવી માન્યતાનો મુખ્ય આધાર સામાન્ય બુદ્ધિગમ્ય જ્ઞાન ઉપર આધારિત હોય છે.

ઘડાનો કરનારો કુંભાર હોય છે. વાસણનો ઘડનારો કંસારો હોય છે. કપડા વણકર વણે છે. ઘર સુથાર અને કડીયા મળી બાંધે છે. એવી રીતે દરેક દેખાતી વસ્તુનો કોઇ ને કોઇ કર્તા છે ત્યારે એ જ ન્યાયે આ જગતનો કર્તા કોઈ ઈશ્વર નામક હોય એમાં આશ્ચર્ય નથી. ઇશ્વરને એ જ ન્યાયે માનવો પડે. જ્યારે ઈશ્વરે જગ ઉત્પન્ન કર્યું છે ત્યારે તેની જ આણ બધે મનાવી જોઇએ. અને જેને ઉત્પન્ન કરવાની શક્તિ હોય તે તેને ભાંગી પણ શકે એ ખુલ્લું સિદ્ધ થાય છે. એને કર્તાહર્તા અને ન્યાય નિવેડો કરનારા તરીકે તેઓ ઓળખાવે છે. આ માન્યતા અને દલીલોમાં વાસ્તવિકતાને કેટલો અવકાશ છે એનો આપણે વિચાર કરીએ.

જ્યારે આ વિશ્વનો કર્તા કોઇ ઈશ્વર છે એમ માનવામાં આવે ત્યારે એ ઇશ્વરનામધારી વ્યક્તિનો બનાવનાર કોઇ મહાઇશ્વર માનવો પડશે. કુંભાર ઘડો બનાવે છે. તે કુંભારને બનાવનારો કોઇ છે જ એવું આપણે માનવું પડે છે. એમ એક કર્તાનો બીજો કર્તા હોય એ પરંપરા ક્યાં જઇ અટકવાની ? અર્થાત્ સૃષ્ટિ બનાવનાર કોઈ વ્યક્તિવિશેષ માનવામાં મોટી તર્કદુષ્ટ આપત્તિ ઉત્પન્ન થાય છે. એ કલ્પના બુદ્ધિગમ્ય છે જ નહીં. દલીલ માટે આપણે ઘડીભર માની લઈએ કે, એવો ઈશ્વર કદાચિત્ હશે, ત્યારે બીજો પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે કુંભાર માટીમાંથી ઘડો પેદા કરે છે ત્યારે માટી જેવી કોઈ વસ્તુ એ ઘડા માટે કારણ તરીકે માનવી પડે. ત્યારે સૃષ્ટિ ઉત્પન્ન કરવા માટે ઈશ્વર પાસે માટી જેવી વસ્તુ ક્યાંથી આવી ? અને એ વસ્તુ કોણે અને ક્યારે ઉત્પન્ન કરી ? એનો કોઇ સમાધાનકારક જવાબ આપી શકતું નથી. ત્યારે એ પ્રશ્ન પણ અણઉકેલાએલો જ રહે છે. સૃષ્ટિ જો કોઈ ઈશ્વર નામધારીએ બનાવી હોય તો તે ક્યારે બનાવી ? એનો જવાબ આપવો પડે પણ એનો કાલનિર્ણય કોઈ કરી શક્યું નથી.

બ્રહ્માને સૃષ્ટિનો કર્તા માનવામાં આવે છે. બ્રહ્માને ચાર મોઢાવાળો કલ્પવામાં આવ્યો છે. અને એ વિષ્ણુના નાભીકમળમાંથી ઊગી ઉપર આવેલ કમળ ઉપર બેઠો છે એવી પણ કલ્પના કરવામાં આવી છે. તેમજ બ્રહ્માને વૃદ્ધ માનવામાં આવેલ છે. એની સાથે એવી એક કથા જોડવામાં આવેલી છે કે, એ ચતુર્મુખી બ્રહ્મા પોતાના કમલની નાળ કેટલી ઊંડી અને લાંબી છે એની તપાસ કરવા નિકળ્યા. તેઓએ હજારો નહીં પણ લાખો વરસ સુધી પ્રવાસ કર્યો, ત્યારે તેમને દશમુખી બ્રહ્મા મળ્યા. તેમણે પૂછ્યું, ભાઈ તમે ક્યાં જવા માગો છો ? ચતુર્મુખી બ્રહ્માએ પોતાનો ઉદ્દેશ સમજાવ્યો. ત્યારે દશમુખી બ્રહ્માએ જણાવ્યું કે ભાઈ, તમે પોતાની જગ્યા ઉપર સ્થિર થઈ જાવ. એ પરંપરા એટલી મોટી અને લાંબી છે કે, એનો તાગ કોઈ મેળવી શક્યું નથી. આગળ તો શતમુખી બ્રહ્મા પણ છે. તેઓ પણ આ નાળને અર્થાત વિશ્વના કાળને માપી શક્યા નથી. આ કથા સ્પષ્ટ રીતે બતાવી આપે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે સૃષ્ટિનો પ્રારંભ ક્યારે થયો એ કોઈ જાણવાને સમર્થ થયું નથી એટલે એનો અર્થ એ થયો કે સૃષ્ટિ અનાદિ અને અનંત છે. ત્યારે અમુક વ્યક્તિએ આ સૃષ્ટિ ઉત્પન્ન કરી એ દાવો તદ્દન પાયા વગરનો પુરવાર થાય છે.

આગળ ચાલતા ઈશ્વરની આજ્ઞાથી જ બધી સૃષ્ટિની હીલચાલ ચાલે છે. અને એની આજ્ઞા વગર ઝાડનું પાંદડું સરખું પણ હાલતું નથી એ માન્યતા એટલી નિરર્થક છે કે એનો વિચાર કરવાનું પણ વિશેષ કારણ જણાતું નથી. ઈશ્વરે જ આ સૃષ્ટિ ઉત્પન્ન કરી હોય તો એ બનાવવાનું કારણ શું? અને જગતમાં આટલી વિષમતા શા માટે બનાવવામાં આવી? એકેંદ્રિયથી લગાડી પંચેદ્રિયધારી જીવો; અને તેમાં પણ દરેક જીવ માત્રનું સુખ દુઃખ જુદું, દરેકનું જ્ઞાન અને અજ્ઞાન જુદું, દરેકની લાયકાત અને આવડત જુદી, દરેકનું બલ જુદું—આવી અનંત વિષમતા જગતમાં જોવામાં આવે છે એનું કારણ શું? મતલબ કે, સૃષ્ટિનું નિર્માણ કરતા ઇશ્વર હોય તો તે પૂરેપૂરો અન્યાયી હોવો જોઇએ, એમ જણાય છે. અને જીવો જે કર્મો કરે છે તે જો ઈશ્વરની આજ્ઞાથી જ થતા હોય તો તેની જવાબદારી તે તે જીવો ઉપર શી રીતે નાખી શકાય? એ રીતે ઈશ્વર જ દરેક કર્મનો પ્રેરક હોય તો બધી જવાબદારી ઈશ્વરની જ હોવી જોઇએ. તે માટે જીવને સજા અથવા ઊંચી પદવી આપવાની શી જરૂર છે? એ ઉપરથી સ્પષ્ટ જોવામાં આવે છે કે, ઈશ્વરને આવું અઘટિત નાટક કરવાનું કારણ કાંઈ જ સિદ્ધ થતું નથી. એ ઉપરથી સૃષ્ટિનો બનાવનારો ઈશ્વર હોવો જોઇએ એ કલ્પના જ બિન-પાયાદાર પુરવાર થાય છે.

જેઓ બ્રહ્માને સૃષ્ટિનો કર્તા માને છે તેઓ ભગવાન વિષ્ણુને સૃષ્ટિના રક્ષણ કરનાર અને શંકર મહાદેવને સૃષ્ટિનો સંહાર કરનાર, તરીકે ઓળખાવે છે. અને તે તે દેવોની તેવી રીતે જ પૂજા કરવામાં આવે છે. જૈનોની માન્યતા સાથે એ કલ્પનાને સરખાવતા એમ જોઈ શકાય છે કે. **उपन्ने वा विगमे वा धुए वा।** એટલે વસ્તુ ઉત્પન્ન થાય, થોડા વખત સુધી ટકે અને પાછી વીખરાઇ જાય એ તીર્થંકર ભગવંતે આપેલી ત્રિપદી, એ જ મૂળ વસ્તુ માન્યતાની પાછળ કાર્ય કરે છે. બ્રહ્મા ઉત્પન્ન કરે છે એટલે પુદ્ગલો એકત્ર થઇ સ્કંધ બને છે. તે અમુક કાલ સ્થિર વિષ્ણુ રાખે છે. અને શંકર એટલે વિખેરી નાખનારી શક્તિ તેને નવું રૂપ આપવા માટે તેના રૂપનો નાશ કરે છે. બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એ ત્રણ દેવતાઓ નહીં પણ ત્રણ શક્તિઓ વિશ્વનું આદિ-કારણ છે એટલે બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એ ત્રણ શક્તિઓ એક જ ઈશ્વરની છે, એવી માન્યતા પ્રવર્તે છે. એટલે ભગવંતે આપેલી ત્રિપદીનું જ એ અલંકારિક સ્વરૂપ છે. એટલે વિશ્વ અનાદિ હોઈ એની રચના અને વિખેરાઈ એ ક્રિયા અનાદિ કાળથી ચાલતી આવેલી છે. અને એ અનંત કાળ સુધી ચાલતી રહેવાની છે. એમાં આત્મા માત્ર નિરપવાદપણે અખંડ ચિરંતન વસ્તુ છે. એ જુદી જુદી ઉપાધિઓ ધારણ કરી પોતાની પુરી ઉત્ક્રાંતિ સાધવાનો પ્રયત્ન કરતો રહ્યો છે. અને જે આત્મા પોતાની પૂરી ઉત્ક્રાંતિ યથાતથ્ય સાધી જાય છે એ મુક્તાત્મા કહેવાય છે. અને એ પૂર્ણ થઈ ગએલો હોવાથી તે ફરી જન્મ જરા-મરણની ઉપાધિ ધારણ કરી શકતો નથી. જૈન શાસ્ત્રકારો એવા સિદ્ધ બુદ્ધ પરમ પાવન આત્માને જ પરમાત્મા કે ઈશ્વરનું ઉપમાન આપે છે.

જ્યારે ઈશ્વર નિરુપાધિક અવ્યય અને અવ્યક્ત છે ત્યારે તે આપણું શ્રેય શી રીતે કરી શકે એવો પ્રશ્ન થાય છે. જ્યારે એવા ઈશ્વરને કાંઈ કરવાપણું જ ન હોય ત્યારે અમારું ભલું શી રીતે કરી શકશે? એવો પણ પ્રશ્ન થાય છે. અને જ્યારે એવો ઈશ્વર અમારી સાથે પ્રત્યક્ષ સંપર્ક રાખી ન શકતો હોય ત્યારે એવા ઈશ્વરની પ્રાર્થના પણ શી રીતે અને શા માટે કરવી? એવો પણ પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય. એ બાબતનો આપણે ઉકેલ શોધવા પ્રયત્ન કરીએ.

ઈશ્વરને કાંઇ કરવાપણું નહીં હોવાથી એ પોતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણું હિત આપણી લાયકી વગર પણ કેવળ મહેરબાનીથી નહી કરી આપે, એ વાત તદ્દન સત્ય છે. પણ ઇશ્વરે પૂર્ણતાની સાધના શી રીતે સાધી એનો ઇતિહાસ આપણી નજર સામે છે. અને એવી પૂર્ણતા કે ઈશ્વરપણું પ્રાપ્ત કરી લીધા પછી તેમણે જે ધર્મસ્થાપના કરી અને દરેકનું કર્તવ્ય સમજાવ્યું તેને અનુસરવાની આપણી ફરજ છે. એ કર્તવ્ય કે ફરજ જ્યાં સુધી આપણે આચરણમાં ન મૂકીએ ત્યાં સુધી આપણી અર્થાત્ આપણા આત્માની ઉન્નતિ શી રીતે શક્ય બની શકશે ? પર્વત ઉપર ઊંચે ચઢવાનો માર્ગ આપણને કોઈ બતાવે એ બનવા લાયક છે, પણ એકેક પગલું ઉપાડી ઊંચે ચઢવું એ કાર્ય તો આપણે પોતે જ કરવાનું હોય. ઈશ્વર કે બીજો કોઈ પણ એથી વધુ કાંઇ કરી શકે નહીં જ્યારે ઈશ્વરે આપણને માર્ગ બતાવ્યો હોય ત્યારે આપણે ઈશ્વરનો ઉપકાર તો માનવાનો જ હોય. તેમના સ્તુતિ-સ્તોત્રો ગાવા જ પડે. એટલું જ નહીં પણ તેમના ગુણવર્ણન કરી તેમનું ચરિત્ર આપણી નજર સામે ઊભું રાખવું જ જોઇએ. એ ગુણોનું સતત સ્મરણ અને રટણ કરતા આપણામાં તેમાંના ગુણો પ્રગટ થવાનો સંભવ છે. આત્મા જ્ઞાનમય છે એવું જ્ઞાનીઓ કહે છે. અને આત્મા જ્ઞાનનો ધણી છે એ વસ્તુ પણ પ્રત્યક્ષ છે. આત્માના ગુણો પ્રગટ થવાનો અને ખીલવાનો અવસર પ્રાપ્ત થતાં તે ખીલી ઉઠે છે, એ પ્રત્યક્ષ અનુભવ છે. એ આત્માના ગુણો ખીલવાનું પ્રભુના ગુણનું વર્ણન એ એક અમોઘ સાધન છે, માટે જ આપણે ઈશ્વરરૂપ પરમાત્માનું સ્તવન કરવાનું છે, આપણે પોતાને તારવાની માગણી કરી કરગરી પ્રાર્થના કરીએ એમાં પરમાત્માનું શ્રેષ્ઠપણું અને આપણું ભક્તપણું અને નિરહંકારપણું પ્રગટ કરવાનું કાર્ય આપણે કરીએ છીએ. તેથી આપણી માગણી અથવા ઈચ્છા આ ભવના બંધનમાંથી છૂટવાની છે એ બતાવવાનું છે. કારણ આપણે એમણે બતાવેલા માર્ગે જ પ્રયાણ કરવાનું છે. જે વસ્તુનું આપણે મન, વચન અને કાયાના ત્રિકરણ યોગથી ધ્યાન કરતા રહીએ એ વસ્તુ આપણે અનાયાસે પ્રાપ્ત કરી શકીએ છીએ. એ ઉપરથી પ્રત્યક્ષ સિદ્ધ થાય છે કે આપણે જે પરમાત્માની કે ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ એ સુસંગત છે. એમાં કાંઇ ખોટું નથી. ઉલટું આપણા આત્માનું શ્રેય જ છે. અત્યારે જ આપણે આત્માની પૂરી સિદ્ધિ મેળવી શકતા નથી, તેનું કારણ આપણી અણઆવડત અને અપૂર્ણતા એ જ છે.

ઈશ્વર અરૂપી, અવ્યક્ત અને નિરાકાર છે, ત્યારે તે આંખથી જોઈ શકાતો નથી, એ વસ્તુ સિદ્ધ થાય છે. જ્યારે એ જણાતો જ ન હોય ત્યારે તેની સ્તુતિ એના સુધી શી રીતે પહોંચે ? અને એ છે એમ માનવાનું પ્રમાણ શું છે ? આ પ્રશ્નનો પણ આપણે વિચાર કરવો જોઇએ.

એ વસ્તુ આપણે ધ્યાનમાં રાખવાની છે કે, આપણે જેટલી વસ્તુઓ જોઈ શકીએ છીએ તેટલી જ છે અને તે સિવાય બીજી કોઈ પણ વસ્તુ આપણે માનતા જ નથી એમ છે જ નહીં. હવા અરૂપી છે છતાં આપણે તેનો ઉપયોગ કરીએ છીએ. અને તેથી હવા છે કે નહીં એવો પ્રશ્ન આપણે કરતા નથી. સાકરની મિઠાશ આપણે જોઈ શકતા નથી છતાં આપણને એ માનવી પડે છે. આપણા શરીરને સુખ અગર દુઃખ થાય છે, તે આપણને દૃષ્ટિગોચર થતું નથી, છતાં એ સુખ અગર દુઃખ આપણા અનુભવમાં આવતું હોવાથી તે છે જ એમ આપણે નિશ્ચયપૂર્વક કહીએ છીએ. કોઇ જીવ મરણને શરણ થાય છે ત્યારે તેનું આખું શરીર કાયમ છતાં અને અદૃશ્ય એવો આત્મા જે એમાં કામ કરતો હતો તે જતો રહ્યો છે અને હવે એ શરીર નકામું થઇ ગયું છે એમ આપણે નિશ્ચયપૂર્વક કહીએ છીએ. એ ઉપરથી અરૂપી એવો આપણે નહીં દેખાનારો આત્મા છે જ એમ આપણને માનવું પડે છે. એ જ આત્મા જ્યારે પોતાના નિર્મળ શુદ્ધ નિર્વિકાર રૂપમાં હોય છે ત્યારે જ તેને ઈશ્વર કે પરમાત્મા કહેવામાં આવે છે. ત્યારે અરૂપી એવા ઇશ્વરનો પણ સાક્ષાત્કાર આપણને થાય

For Private And Personal Use Only

છે જ, એ સ્પષ્ટ સિદ્ધ થાય છે. એવા પરમાત્મસ્વરૂપ નિરંજન નિરાકાર આત્મસ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ કરનારા સંત જ્ઞાની મહાત્માઓ આ જગતમાં અનેક થઇ ગયા છે. તેમના શબ્દ ઉપર આપણે ભરોસો રાખવો જ જોઇએ. કારણ કે આપણી અપૂર્ણતા અને અશક્તિનો ખ્યાલ આપણને હોય છે જ. આપણે બધી જ વસ્તુઓનો ગુણધર્મ જાણતા નહીં હોવાથી તે તે વસ્તુના જાણકાર ઉપર વિશ્વાસ રાખી તે તે વસ્તુઓ આપણે માન્ય રાખી ગ્રહણ કરીએ છીએ. ડૉક્ટર કોઈ દવા પીવા આપણને કહે ત્યારે તેના ઉપર આપણે વિશ્વાસ રાખી કડવી પણ દવા પીએ છીએ. એમ તો આપણા બધા જ વ્યવહારમાં આપ્તવાક્ય ઉપર વિશ્વાસ રાખવો પડે છે. તેમજ આત્મા અને પરમાત્માના સત્ય સ્વરૂપ માટે એવા આપ્તવચન કહેનારા જ્ઞાની મહાત્માઓના વચનો ઉપર આપણે વિશ્વાસ મૂકી ઈશ્વરનું સત્ય સ્વરૂપ ઓળખવું જોઇએ

આપણા મનમાં ઈશ્વરના અસ્તિત્વ માટે આસ્તિક્યભાવ જાગે અને આપ્તવાક્ય આપણા હૃદયમાં અંકિત થાય એવી ભાવના રાખી વિરમીએ છીએ.

## ઉદાર માલિક

એક વખત ગુજરાતમાં ધોળ નગરના રાજા પોતાનું ભોજન લઇ પથારીમાં આંખો બંધ કરી પડ્યા હતા. નોકર પગચંપી કરતો હતો. રાજા સૂઇ ગયા છે તેમ માની નોકરે તેની આંગળીમાંથી કીમતી હીરાની વીંટી કાઢી લીધી અને મોઢામાં સંતાડી દીધી.

રાજાએ વીંટી ખોવાયાની બહુ જાહેરાત ન કરી અને બીજી વીંટી પહેરી લીધી બીજે દિવસે નોકર નિયમ પ્રમાણે પગચંપી કરતો હતો. ફરીથી રાજાની આંગળીમાંથી વીંટી સરકાવી લેવા તેણે યત્ન કર્યો. આ જોઇને રાજાએ કહ્યું : 'આ વીંટી મારી આંગળીમાં ભલે રહી ગઇ કાલે તેં લીધેલી વીંટી તારી છે."

નોકર રાજાના પગમાં પડી ગયો. ઉદારહૃદય રાજાએ કહ્યું : " ગભરાઇશ નહીં, દોષ મારો છે. તારા પગારથી તને સંતોષ નથી, તેથી તેં વીંટીની ચોરી કરી. મારે તારી જરૂરિયાત પહેલાં જાણવી જોઇએ. આજથી તારો પગાર બમણો કરી દઉં છું."

'દર્શન'માંથી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાભાર સ્વીકાર અને સમાલોચના

**૧. શ્રી ગૌતમપૃચ્છા** (ભાષાંતર)–ભાષાંતરકાર મુનિરાજશ્રી વિદ્યાનંદવિજયજી મહારાજ. પ્રકાશક. શાહ જશવંતલાલ ગિરધરલાલ–અમદાવાદ. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૧૬૦, પાકી સીલાઈ છતાં મૂલ્ય રૂપિયો સવા.

લબ્ધિના નિધાન પૂજ્યશ્રી ગૌતમસ્વામીએ ભગવંત શ્રી મહાવીરસ્વામીને અડતાલીશ પ્રશ્નો જનહિતાર્થે પૂછેલા તેના પરમાત્માએ દૃષ્ટાંતપૂર્વક જવાબો આપેલ, તેનું સવિસ્તર વિવેચન કરીને આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ અડતાલીશ પ્રશ્નો તથા જવાબોની અંદર માનવજીવનમાં થતી દરેક પ્રકારની આકાંક્ષાઓનો પ્રત્યુત્તર સમાઇ જાય છે, તે આ ગ્રંથની ખાસ વિશિષ્ટતા છે. ભવભીરુ આત્માઓએ આ પુસ્તક અવશ્ય વાંચવા યોગ્ય છે. વિદ્વાન મુનિરાજશ્રીનો પ્રયાસ આવકારદાયક છે.

**૨. અમીઝરણું**–[વ્યાખ્યાનોનો સંગ્રહ] ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ આશરે ૧૫૦, પાકું બાઇંડીંગ. મૂલ્ય રૂપીઓ એક.

વિદ્વાન વ્યાખ્યાતા મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજે મોરબીના ચાતુર્માસ દરમિયાન જે પ્રવચનો આપેલા તે પૈકી પાંચ પ્રવચનોનો આ પુસ્તકમાં સંગ્રહ કરવામાં આવેલ છે. વિદ્વાન મુનિરાજશ્રીની ભાષા-શૈલી સુગમ તથા વૈરાગ્યવાહક છે. દરેક પ્રવચનમાં ઉપદેશામૃત ભર્યું છે. આત્માભિમુખ જીવો માટે આ પુસ્તક અવશ્ય વાંચવા યોગ્ય છે. પ્રકાશક–શ્રી મોરબી તપગચ્છ સંઘનો આ પ્રયાસ આદરણીય છે.

**૩. ભાલણ : એક અધ્યયન**—લેખક–પ્રો. કેશવલાલ હા. શાસ્ત્રી. સંપાદક. શ્રી ભોગીલાલ સાંડેસરા, પ્રકાશક મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય–વડોદરા. ડેમી આઠ પેજી પૃષ્ઠ આશરે ૨૦૦ પાકી સીલાઈ. મૂલ્ય રૂપિયા પોણાપાંચ.

પ્રાચીન ગુર્જર ગ્રંથમાળાના સાતમા મણકા તરીકે પ્રસિદ્ધ થયેલ આ પુસ્તકમાં કવિ ભાલણ સંબંધી વિસ્તૃત અને ઉપયોગી માહિતિ પૂરી પાડવામાં આવી છે. જુદાજુદા સાત પ્રકરણો પાડીને ભાલણનું જીવન, તેમની કૃતિઓ, તેમની આખ્યાન કલા, વિગેરે વિવિધ પાસાંઓથી ગ્રંથને વિદ્ગ્ભોગ્ય બનાવવામાં આવ્યો છે. સાહિત્યક્ષેત્રના અભ્યાસીઓ માટે આ ગ્રંથ વસાવવા જેવો છે.

**૪. ભગવાન મહાવીર અને માંસાહાર**–લેખક–રતિલાલ મફાભાઇ શાહ. પ્રકાશક–શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સભા પાટણ. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ આશરે ૧૨૫.

એક શબ્દનો માત્ર રૂઢ અર્થ પકડી રાખવાથી કેવો અન્યાય અને વિસંવાદીપણું ઉત્પન્ન થાય છે તે આ પુસ્તિકામાં સારી રીતે દર્શાવવામાં આવેલ છે. વીશેક વર્ષ પહેલાં શ્રી ધર્માનંદ કોશાંબીએ અને પટેલ ગોપાળદાસ જીવાભાઇએ “कपोत” શબ્દનો વિપરીતાર્થ કરી, ભગવાન મહાવીરે માંસાહાર કરેલો તેવી પ્રરૂપણા કરી. તે સમયે પણ આ મંતવ્ય સામે વિરોધનો વંટોળ ઊઠેલો અને જવાબરૂપે નાની નાની પુસ્તિકાઓ પ્રકટ થયેલ. હાલમાં પ્રકટ થયેલ આ પુસ્તકમાં વિસ્તૃતરૂપે. શાસ્ત્રોના પાઠો આપી, આ હકીકત સત્યથી કેટલી વેગળી છે તે દર્શાવવા માટે લેખકશ્રીએ સારો પ્રયાસ કર્યો છે. વિદ્વાન મુનિરાજશ્રી ન્યા. ન્યા. શ્રી ન્યાયવિજયજી મહારાજે, શાસ્ત્રાધારો આપી આ કાર્યને

For Private And Personal Use Only

દીપાવેલ છે. તુલનાત્મક અને અભ્યાસકદૃષ્ટિ માટે આ પુસ્તક વાંચવા યોગ્ય છે.

**૫. ભગવાન મહાવીરનું ઔષધગ્રહણ**– લેખક ન્યા. ન્યા. શ્રી ન્યાયવિજયજી મહારાજ. પ્રકાશક શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સભા-પાટણ.

આ નાની પુસ્તિકામાં વિદ્વાન મુનિરાજશ્રીએ "કપાત" શબ્દનું વિસ્તૃત રીતે વિવેચન કરીને તે કઇ પ્રકારની ઔષધી છે તે જણાવી, ભગવંત મહાવીરે કદાપિ માંસભક્ષણ કરેલ નથી તે યુક્તિપૂર્વક અને હૃદયંગમ રીતે પૂરવાર કર્યું છે.

**૬. અનુભવઝરણાં**– સંગ્રાહક મુનિશ્રી ઇંદ્રવિજયજી ગણિ તથા મુનિશ્રી જિનભદ્રવિજયજી પ્રકાશક– શ્રી વલ્લભસૂરિ સ્મારકનિધિ-મુંબઈ. મૂલ્ય ત્રીશ પૈસા.

શ્રી વલ્લભસૂરિ જૈન સાહિત્યમાલાના ચોથા પુષ્પ તરીકે પ્રકાશિત થયેલ આ પુસ્તકમાં યોગીશ્વર શ્રીમદ્ આનંદઘનજી તથા યોગનિષ્ઠ આ. શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીના રચેલા પદો તથા ભજનોનો સંગ્રહ કરવામાં આવેલ છે. બોડેલીમાં સ્થપાયેલ પરમાર-ક્ષત્રિય-બાળકોના સ્વાધ્યાયાર્થે આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવેલ. સ્મારકનિધિના મંત્રીશ્રી મોહનલાલ દીપચંદ ચોકસી અવારનવાર, આવા પુષ્પો પ્રકાશિત કરી, ઉપયોગી સેવા બજાવી રહ્યા છે, જે ધન્યવાદને પાત્ર છે.

**૭. बंगाल का आदिधर्म**– મૂળ બંગાળી ભાષામાં લેખક પ્રબોધચંદ્ર સેન. હિંદીમાં અનુવાદક– પંડિત હીરાલાલજી દુગડ. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ આશરે ૧૦૦. મૂલ્ય સાઠ પૈસા.

ઉપરોક્ત સાહિત્યમાલાના ત્રીજા પુષ્પ તરીકે પ્રસિદ્ધ કરવામાં આવેલ આ ટેક્ટમાં બંગાળ પ્રાંતમાં જૈનધર્મ કેટલો ફાલ્યોફૂલ્યો હતો અને બંગાળનો મોટો વિસ્તાર જૈન ધર્મની અસર નીચે હતો તે વિગતવાર દૃષ્ટાંત-દાખલા સહિત જણાવવામાં આવેલ છે. શ્રી પ્રબોધચંદ્ર સેન, પોતે જૈનેતર વિદ્વાન હોવા છતાં, જૈનધર્મને અંગે સુંદર છણાવટ કરી છે. આ ઉપરાંત "પુરાતત્વ-સામગ્રી" નામનુ પરિશિષ્ટ અને માનભૂમ જીલ્લામાં આવેલ જૈન ભગ્નાવશેષોનો સુંદર પરિચય આપવામાં આવેલ છે. પ્રયાસ પ્રશંસનીય છે.

**૮. રતલામ શ્રી શાન્તિનાથ જિનાલય પ્રકરણ અંગે ન્યાયાલયનો નિર્ણય**–

રતલામના શ્રી શાંતિનાથ જિનાલયના પ્રકરણથી જૈન સમાજ જ નહીં પરંતુ ઇતર સમાજ પણ હવે બીનવાકેફ નથી. માત્ર દ્વેષભાવનાથી, શિવલિંગનું પ્રકરણ ઊભું કરીને રતલામના જૈનોને જે હાડમારીભરી પરિસ્થિતિમાં મૂકયા હતા, અને વિવિધ કેસો કરી જેલના સળિયા દેખાડયા હતા. તે કેટલું બેહુદું અને નાપાયાદાર હતું તેનું સ્પષ્ટ દર્શન આ ફેંસલો જણાવે છે. રતલામના જૈનોએ એકત્રભાવથી સંયુક્ત જૈન સંઘના નામથી જે નિર્ભીક સામનો કર્યો તે સૌ કોઇની પ્રશંસા માગી લે છે.

## પુસ્તકો જ ખરા સન્મિત્રો છે

પુસ્તકો સન્મિત્રોની ગરજ સારે છે. પુસ્તકોની જેને મૈત્રી હોય છે તેને જંગલમાં પણ મંગળ થાય છે. પુસ્તકો જ સાચા મિત્રો છે. આપણા મિત્રો આપણને ખુશ કરવા તરફની વૃત્તિ વિશેષ રાખે છે. કડવું મનાવનારા અને સાચું ભાખનારા મિત્રો બહુ જવલ્લે જ મળે છે, પણ પુસ્તકોમાં જે લખાણું એ જ વંચાણું થાય છે. આપણે ખુશ થઇશું કે દિલગીર, આપણે ધનાઢ્ય છીએ કે ધનહીન, આપણે સત્તાધીશ છીએ કે સત્ત વિહીન, આપણે મોટા છીએ કે નાના એની લેશ પણ પરવા વગર આ મિત્રો હંમેશાં એક જ વાત આપણને કહી શકે છે.

'નિવૃત્તિવિનોદ'

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# ચિંતન અને મનન

પોતાની વૃત્તિની ગુલામીથી વધી જાય એવી બીજી કોઈ ગુલામી આજલગી જોવામાં આવી નથી. મનુષ્ય સ્વયં પોતાનો શત્રુ છે. અને ધારે તો પોતાનો મિત્ર બની શકે છે. —ગાંધીજી

પોતાના મહાન પૂર્વજોના નામથીજ પોતાની મહત્તા માનવી, અને પોતાના સદ્‌ગુણોથી તેના હકદાર બનવાની કોશીશ ન કરવી એ શરમની વાત છે. - અજ્ઞાત

લાલચ અને આનંદ એ બે વસ્તુઓ કદી એકબીજાને જોઇ શક્તી નથી. પછી એમનો પરિચય શી રીતે સાધી શકાય ? —ફ્રેંકલિન

માનવીનું મગજ એ પડતર જમીન સમાન છે. તેને જો બાહ્ય શક્તિઓના ખાતરવડે ભરવામાં ન આવે તો તે નવો પાક પેદા કરવાનું બંધ કરી દે છે અને તેની તાકાત જલદી ક્ષીણ થઇ જાય છે. —જે. રેનોલ્ડઝ

સંકીર્ણ મસ્તકવાળા માણુસો એવી બધી વાતોને જૂઠી માને છે જે તેમના સામર્થ્ય બહાર હોય. —રોશ ફુકો

પોતાના પૂર્વજોના ખોદાવેલા કૂવાનું ખારૂં પાણી પીને બીજાના શુદ્ધ જળનો ત્યાગ કરનારા ઘણા બેવકુફો આ જગતમાં ફરી રહ્યા છે. —વિવેકાનંદ

દુનિયાને નફરતની નજરે જોવી તે એક ઉંદરડાથી મુક્તિ મેળવવા માટે આખા ઘરને આગ લગાવી દેવા જેવું છે. - એમર્સન

કેટલાક લોકો મૃત્યુથી એવા ડરતા હોય છે કે તેઓ જીવવાનું શરૂ જ કરી શક્તા નથી. —હેન્રા વેન ડાઇક

જો તમે કોઇક વિચારને મૃત્યુવશ કરવા માગતા હો તો ક્રિયાન્વિત કરવા માટે એક કમિટીની નીમણુંક કરજો ! —સી. એફ. કેટરિંગ

આપણે આપણા સારામાં સારાં કાર્યોથી બહુધા શરમાવું પડે-જો દુનિયા માત્ર તેના ઈરાદાઓને જોઇ શકે, જેની પ્રેરણાથી તે કરવામાં આવ્યાં હોય.—રાચી

પ્રતિભાવાન વ્યક્તિ પોતાનો માર્ગ સ્વયં શોધી લે છે અને પોતાનો દીવો પોતાની સાથે જ રાખે છે. —વિલમોટ

મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રી. પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only